# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-04-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પહેલગામ હુમલાના ગુજરાતી મૃતકોના અંતિમ સંસ્કાર કરાયો:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારત દરેક આતંકવાદી અને તેને મદદ કરનારની ઓળખ કરશે અને પહલગામ હૂમલાના દોષિતોને સજા કરશે. બિહારનાં મધુબની ખાતે એક કાર્યક્રમમાં જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ ભારત દુનિયાના કોઈ પણ ખૂણામાંથી ગુનેગારોને શોધી કાઢશે.

દરમિયાન, જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હૂમલામાં માર્યા ગયેલા ગુજરાતના ત્રણ પ્રવાસીઓનાં ગઈકાલે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને ઘરે જઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીની સાથે કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ પણ મૃતક પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મૃતકના પરિવારજનો સાથે મુલાકાત કરીને સાંત્વના પાઠવી હતી.

દરમિયાન, કાશ્મીરમાં હાલ પ્રવાસમાં ગયેલા ગુજરાતના પરિવારોની સુરક્ષા માટે સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે બે હેલ્પલાઇન નંબર શરૂ કરવામાં આવ્યા છે. યાત્રિકો અને તેમના પરિવારજનો લેન્ડલાઈન નંબર 079-23251900 અને મોબાઈલ નંબર 9978405304 પર સંપર્ક કરીને સુરક્ષા વિષયક બાબતો તેમજ ગુજરાત પરત ફરવા અંગે જરૂરી મદદ મેળવી શકશે.

-----------------------------------------------------------------------------------

## સેના પ્રમુખ જમ્મુકાશ્મીરની મુલાકાતે:

પહેલગામ આતંકવાદી હુમલાના પગલે સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આજે જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેશે અને આ વિસ્તારની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરશે. સ્થાનિક સૈન્ય અને ટોચના કમાન્ડરો ખીણમાં અને નિયંત્રણ રેખા પર સેના દ્વારા લેવામાં આવેલા આતંકવાદ વિરોધી પગલાં વિશે સેના પ્રમુખને માહિતી આપશે.

---

## પંજાબ-અટારી સરહદ બંધ:

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે અટારી સરહદ બંધ કરવાનો નિર્ણય લીધો છે. જે અંતર્ગત, રીટ્રીટ સમારોહ દરમિયાન પણ અટારી સરહદના ભારતીય તરફના દરવાજા ખોલવામાં આવશે નહીં. આ ઉપરાંત, પ્રોટોકોલ મુજબ, સૂર્યાસ્ત સમયે ભારતીય ધ્વજ નીચે ઉતારવામાં આવે ત્યારે સૈનિકો હાથ મિલાવશે નહીં.

---

## રાજયમાં ઓરી અછબડાં-સઘન સારવાર અને અટકાયત:

રાજયમાં વર્ષ ૨૦૨૩માં ઓરીના લગભગ ૪,૦૦૦ કેસની સામે વર્ષ ૨૦૨૪માં ઘટીને ૪૭૧ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગ દ્વારા ઓરી અછબડાના કેસ શોધી સઘન સારવાર અને અટકાયત અને નિયંત્રણનાં પગલાને કારણે કેસોની સંખ્યા ઘટી છે.

નાગરિકોમાં જાગૃતિ માટે ગઈકાલે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડા દ્વારા રાષ્ટ્રવ્યાપી અભિયાનનો નવી દિલ્હીથી શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, દેશ સહિત રાજ્ય ભરમાં ૩૦ એપ્રિલ સુધી વિશ્વ રસીકરણ સપ્તાહની ઉજવણી અંતર્ગત ૨૬ એપ્રિલના ઓરી અછબડાં રસીકરણ અને ૩૦ એપ્રિલનાં રોજ મમતા દિવસની ઉજવણી થશે.

---

## I-ખેડુત પોર્ટલ 2.0:

અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ "આઈ-ખેડૂત ૨.0 પોર્ટલ"નો કૃષિ મંત્રી રાઘવજી પટેલના હસ્તે ગઈકાલે ગાંધીનગરથી પ્રારંભ થયો.

મંત્રી શ્રી પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, નવું આઈ-ખેડૂત ૨.0 પોર્ટલ નવીન ટેક્નોલોજીના સહારે હવે વધુ સુવિધાયુક્ત,સરળ અને પારદર્શી બન્યું છે. તેમણે ઉમેર્યું કે આઈ-ખેડૂત પોર્ટલ શરુ થયું ત્યારથી અત્યાર સુધીમાં ૪૧ લાખથી વધુ ખેડૂતોએ કુલ 7 હજાર 670 કરોડથી વધુના યોજનાકીય લાભો આઈ-ખેડૂત પોર્ટલ મારફત મેળવ્યા છે.

ખેડૂતો માટે આ પોર્ટલ આગામી ૧૫ મે,૨૦૨૫ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પશુપાલન વિભાગ માટે પણ પોર્ટલ ટૂંક સમયમાં ખુલ્લું મૂકવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

---

## અંજાર ખાતે વાણિજય વિનયન સરકારી કોલેજ મંજુર :

રાજ્ય સરકાર દ્વારા અંજાર ખાતે સરકારી વિનયન અને વાણિજય કોલેજ મંજુર કરાઈ છે, જેમાં નવા સત્રથી પ્રવેશ મેળવવા માટે પ્રક્રિયાનો આરંભ થશે જેથી પ્રવેશ મેળવવા ઈચ્છુક વિધાર્થીઓને ઈજન અપાયું છે.2025ના વર્ષથી શરૂ થનાર સરકારી વિનયન અને વાણિયજ કોલેજ ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુર્નિવસીટી સાથે સંલગ્ન છે. અંજાર ખાતે સરકારી કોલેજ શરૂ થતાં વિધાર્થીઓની સુવિધામાં વધારો થશે તેમજ વાલીઓને આર્થિક ભારણમાં મોટી રાહત મળશે.

---

## હવામાન:

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાન યથાવત રહેવાની અને ત્યારબાદ બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરી છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં 27 એપ્રિલ સુધી મહત્તમ તાપમાન 40 થી 42 ડિગ્રીની મર્યાદામાં રહેવાની સંભાવના છે. 27 એપ્રિલથી 29 એપ્રિલ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવા ફૂંકાશે.

---